**બમે. સુરતના ચોથા અધિક સિવિલ જજ અને ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ, સાહેબશ્રીની કોર્ટમાં**

**<u>ફોજદારી કેસ નં. ૮૬૫૩૨ /૨૦૨૪</u>**

**<u>આંક –</u>**

ફરીયાદીઃ – શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપીઃ – ક્રિશ પરેશભાઇ સાવલીયા

રહે. સુરત

ગુનોઃ – ભારતીય દંડ સંહિતાની કલમ –૧૮૮ મુજબ

**// ચુકાદો //**

ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ કમીશ્નરશ્રીનુ જાહેરનામુ અમલમાં હોવા છતા જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ – ૧૮૮ મુજબનો ગુનો કરેલ છે.

આરોપી અદાલત સમક્ષ હાજર થતા તેમને પોલીસ પેપર્સની નકલ આપી ત્યાર બાદ આરોપીએ ગુના કબુલાતની પુરશીશ સ્વેચ્છાએ રજુ કરતા પ્લી લઇ તેને પુછતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપીએ કરેલી કબુલાત એ કોઇના દાબ, દબાણ વગર સ્વેચ્છાએ કરેલ હોય તે નહી માનવા માટે મને કોઇ કારણ જણાતું નથી. આરોપીને સજા અંગે પુછતા જણાવેલ છે કે, આરોપીનો પ્રથમ ગુનો છે. ગુના બદલ અફસોસ વ્યક્ત કરી દયાની માંગણી કરે છે. ઉપરોક્ત સંજોગો, ગુનાની હકીકત અને સજાની જોગવાઇ જોતા ન્યાયના હિતમાં આરોપીની કબુલાત સ્વીકારી નીચે મુજબ હુકમ કરુ છુ.

**// હુકમ //**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કો. ની કલમ – ૨૫૨ હેઠળ ભારતીય દંડ સંહિતાની કલમ – ૧૮૮ મુજબના ગુના માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપી ને રૂ. ૧૦૦/– (અંકે રૂપીયા સો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ના ભરે તો દિન –૦૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હાલના કામે મુદ્દામાલ પાવતીની વિગતે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વાહન અંગે કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમી કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો તે અંગેનો હુકમ થયેલ ના હોય તો વાહનના મુળ માલીકની ખરાઈ કરી પરત કરવનો તથા તે લગત પો.સ્ટે. યાદી કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપીનાં જામીનખત તેમજ જાતમુચરકો ૬ માસ બાદ રદ ગણવા.

હુકમ આજ તારીખ ૨૨ માહે જુન સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૨૨ / ૦૬ /૨૦૨૪

સુરત.

(કે. એ. મારવાહા)

ચોથા અધિક સિવિલ જજ અને

ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ, સુરત

કોડ નં. જીજે–૦૧૫૫૮